# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,

ACCREDITED GRADE "A" BY NAAC (CGPA 3.28)

## એકેડેમિક વિભાગ,

## જામનગર.

તા.૧૧-૦૧-૨૦૧૮ના રોજ સવારેના ૧૧-૦૦ કલાક ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર ખાતે મળેલ બોર્ડ ઓફ શલ્ય શાલકયની સભાની કાર્યવાહી નોંધઃ-

**ઉપસ્થિત રહેલ સભ્યશ્રીઓ** :

(૧) માન. કુલપતિશ્રી, ચેરમેન શ્રી

(૨) વિભાગાધ્યક્ષશ્રી, શલ્ય વિભાગ, I.P.GT. & RA જામનગર, સભ્યશ્રી,

(૩) વિભાગાધ્યક્ષશ્રી, શાલકય વિભાગ, I.P.GT. & RA જામનગર, સભ્યશ્રી,

(૪) વૈદ્યશ્રી ડી. બી. વાઘેલા, સેનેટર, સભ્યશ્રી, I.P.GT. & RA જામનગર, સભ્યશ્રી,

(૫) વૈદ્યશ્રી પશ્મીનાબેન જોષી, શિક્ષક, સભ્યશ્રી, જામનગર.

(૬) વૈદ્યશ્રી વિપુલભાઇ પટેલ, શિક્ષક, સભ્યશ્રી, વડોદરા

માન. કુલપતિશ્રીની અનુમતિથી નીચે મુજબના આમંત્રિત સભ્યશ્રી હાજર રહેલ. અને માન. કુલપતિશ્રીની અનુમતિથી આજની સભાના કન્વીનર તરીકે વૈદ્યશ્રી પશ્મીનાબેન જોષી, જામનગરની નિયુકિત કરવામાં આવેલ.

**આમંત્રિત સભ્યશ્રી**

(૧) વૈદ્યશ્રી રાજશ્રી ઉનડકટ, વિભાગાધ્યક્ષ, શાલકયતંત્ર, શ્રી જી. એ. મહાવિદ્યાલય, જામનગર

.**કાર્યસૂચિ-૧** તા.૩૦-૧૨-૨૦૧૬ના રોજ મળેલ બોર્ડની સભાની કાર્યવાહી નોંધ મંજૂર કરવા બાબત.

ઉપરોકત કાર્યવાહીની નોંધ સર્વાનુંમતે મંજૂર રાખવામાં આવતા પ્રમુખશ્રીએ તેના ઉપર સહી કરેલ

**કાર્યસૂચિ-૨** તા.૩૦-૧૨-૨૦૧૬ ના રોજ મળેલ બોર્ડની સભાની કાર્યવાહી નોંધ મુજબ લેવામાં આવેલ પગલાની નોંધ લેવા બાબત.

તા.૩૦-૧૨-૨૦૧૬ ના રોજ મળેલ બોર્ડની સભાની કાર્યવાહી નોંધની ઉપર લેવામાં આવેલ પગલાની નોંધ લેવામાં આવી.

**કાર્યસૂચિ-૩** સ્ટેચ્યુટ-૯૧ તથા ઓર્ડીનન્સ-૧૧૧ મુજબ આગામી સને. ૨૦૧૭-૧૮ના વર્ષ માટે પરિક્ષકોની પેનલ મંજૂર કરવા અંગે.

ઉપરોકત બાબતે સંલગ્ન આયુર્વેદ મહાવિદ્યાલયો તરફથી મોકલવામાં આવેલ પરીક્ષકોની યાદીના આધારે જે પરીક્ષકોની પેનલ તૈયાર કરવામાં આવી તે ચર્ચા વિચારણાને અંતે મંજૂર કરવામાં આવેલ અને આગળની કાર્યવાહી માટે પરીક્ષા શાખાને મોકલી આપવાની ભલામણ કરવામાં આવી.

પ્રમુખશ્રીની અનુમતિથી નીચેની બાબતો હાથ ધરવામાં આવેલ.

(૧) શલ્યતંત્ર તથા શાલકયતંત્ર વિષયનો સીલેબસના વિષયો પરત્વે શિક્ષણ તથા પરીક્ષા બાબતે એક રૂપતા રહે માટે ટીચર્સ ટ્રેનિંગ વર્કશોપ આગામી સમયમાં માર્ચ માસમાં શ્રી જી. એ. મહાવિદ્યાલય, જામનગર ખાતે યોજાવાનું બોર્ડ દ્વારા ભલામણ કરવામાં આવી.

(૨) શલ્યતંત્ર વિષય અતર્ગત Agnikarma તથા Raktamokshana ના TTW (ટીચર્સ ટ્રેનિંગ વર્કશોપ) આગામી સમયમાં ઓગષ્ટ-૨૦૧૮માં અખંડાનંદ આયુર્વેદ કોલેજ, અમદાવાદ તથા સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા ખાતે યોજવાનું બોર્ડ દ્વારા ભલામણ કરવામાં આવેલ.

(૩) બોર્ડ ઓફ શલ્ય- શાલકયની તા.૨૧-૧૨-૨૦૧૫ની સભામાં શલ્ય તથા શાલકય વિષયના પ્રેકટીકલ પરીક્ષાનું નકકી થયેલ પ્રારૂપ પરીક્ષા શાખાને ફરથી મોકલાવાની ભલામણ કરવામાં આવેલ.

(૪) શલ્ય શાલકય બોર્ડ અંતર્ગત આવતા શાલકય વિષયના વિષય નિષ્ણાંત ન હોય, જેથી યુ.જી. વિભાગના શાલકય વિષયના એચ.ઓ.ડી.ને આમંત્રિત સભ્યશ્રી તરીકે બોલાવવા બોર્ડ દ્વારા ભલામણ કરવામાં આવી

(૫) શલ્યતંત્ર તથા શાલકયતંત્ર વિષયના શ્રી જી. એ. મહાવિદ્યાલયના લગત વિભાગાધ્યક્ષશ્રી તરફથી તૈયાર થઇને આવેલ જર્નલોના તથા કંમ્પેલશન તથા પોસ્ટર/ચાર્ટ નમૂના બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવેલ અને તૈયાર થઇને આવેલ જર્નલના તથા કંમ્પેલશન તથા પોસ્ટર/ચાર્ટ નમૂના યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર તથા સર્વે સંલગ્ન કોલેજોને મોકલી આપવા બોર્ડ દ્વારા ભલામણ કરવામાં આવેલ તૈયાર થઇને આવેલ જર્નલોના નમૂના આ સાથે સામેલ છે.

(૬) શલ્યતંત્ર તથા શાલકયતંત્ર વિષયની પ્રશ્ન બેંક યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર મૂંકવામાં આવેલ છે. જેની ગુણવતાની ચકાસણી તથા કોઇ ભૂલ જણાય તો તેના સુધારા વધારા માટે વૈદ્ય પશ્મીનાબેન જોષી, શ્રી જી. એ. મહાવિદ્યાલય, જામનગર તથા વૈદ્ય રાજશ્રીબેન ઉનડકટ, શ્રી જી. એ. મહાવિદ્યાલય, જામનગરના માર્ગદર્શન હેઠળ સર્વે સંલગ્ન કોલેજોમાંથી વિષય અતર્ગત એક સમિતિ બનાવવાની કામગીરી સોપવામાં આવી.

પ્રમુખશ્રીના આભાર સાથે સભાનું કામકાજ પૂર્ણ થયેલ.

સહી

(વૈદ્યશ્રી પશ્મીનાબેન જોષી) (આર. એમ. ઝાલા)

કન્વીનર કુલસચિવ

---

ન.એકેડે/૪/૨૦૧૭-૧૮/૩૩૮૬ તા.૨૦-૦૧-૨૦૧૭

પ્રતિ,

**બોર્ડ ઓફ શલ્ય શાલકયાદીના સર્વ સભ્યોશ્રી તરફ---**

(૧) માન. કુલપતિશ્રી, ચેરમેન શ્રી,

(૨) વિભાગાધ્યક્ષશ્રી, શલ્ય વિભાગ, આઇ.પી.જી.ટી. એન્ડ આર.એ., સભ્યશ્રી જામનગર,

(૩) વિભાગાધ્યક્ષશ્રી, શાલાકય વિભાગ, આઇ.પી.જી.ટી. એન્ડ આર.એ., સભ્યશ્રી, જામનગર,

(૪) વૈદ્યશ્રી ડી. બી. વાઘેલા, સેનેટર, આઇ.પી.જી.ટી. એન્ડ આર.એ., સભ્યશ્રી, જામનગર,

(૫) વૈદ્યશ્રી પશ્મીનાબેન જોષી, શિક્ષક, સભ્યશ્રી, કન્વીનર અને સભ્યશ્રી, શ્રી જી. એ. મહાવિધાલય, જામનગર.

(૬) વૈદ્યશ્રી વિપુલભાઇ પટેલ, શિક્ષક, સભ્યશ્રી, ૪૩, નાથદ્વારા રેસીડેન્સી, મનન પાર્કની પાછળ ડી-માર્ટની પાસે, કલાદર્શન, વાઘોડીયા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ મો. ૮૪૬૦૦૬૨૧૪૨

<u>નકલ રવાના</u> :-

૧). પી.એસ. ટુ વી.સી.

૨). પી.એ. ટુ રજીસ્ટ્રાર

૩) પરીક્ષા શાખા - આપના વિભાગને પ્રમુખશ્રીની અનુમતિથી હાથ ધરવામાં બાબત અન્વયેની કાર્યવાહી હાથ ધરવાની સૂચના સાથે.